# <u>સોયાબીન પાકમાં ખેડુત દિનની ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૦૮.૧૦.૨૦૧૮ના રોજ ચણાસર (તા. ઝાલોદ) ગામ મુકામે કલસ્ટર પ્રથમ હરોળ નિદર્શન હેઠળ સોયાબીન (એન.આર.સી.-૩૭) પાકોમાં **<u>“ખેડુત દિન”</u>**ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ સોયાબીનની જાત એન.આર.સી.-૩૭ ની લાક્ષણિકતા અને સોયાબીન પાકના ગોતરનો પશુપાલનમાં ઉપયોગ વીશે, પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા શાકભાજી અને સોયાબીન પાકોમાં સમસ્તરીય ફેલાવો અને શાકભાજી પાકોની હાઇબ્રીડ અને સુધારેલ જાતોનુ મહત્વ, પ્રો. જી. કે. ભાભોર વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ સોયાબીન પાકમાં મુલ્યવર્ધન અને તેની વિવિધ બનાવટો વિશે અને પ્રો. વાઈ. બી. ચૌહાણ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા સોયાબીન પાકમાં જોવા મળતા રોગ-જીવાત વીશે ખેડુતભાઈ અને બહેનોને માહિતગાર કરવામાં આવેલ. આ કાર્યક્રમ દરમિયાન ખેડુતભાઈ અને બહેનોને જીવંત છોડ બતાવી સખામણી પણ કરાવવામાં આવી અને ખેતર પર રૂબરૂ જોઈને ખેડુતોમાં ઘણો ઉત્સાહ વધેલો જોવા મળેલ. આ કાર્યક્રમમાં કુલ ૮૭ ખેડુતભાઈ અને બહેનોઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.




પ્રો. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન




પ્રો. એચ. એલ. કાચાનું ઉદ્દબોધન



પ્રો. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન



પ્રો. વાઈ. બી. ચૌહાણનું ઉદ્દબોધન




સોયાબીન પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણી કાર્યક્રમમાં ભાગ લીધેલ ખેડુત ભાઈઓ અને બહેનો